॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● ચૈત્ર વદ - ૩ ● તા. ૨૯-૪-૨૦૨૧ ● ગુરૂવાર SDP NO : 376 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

૨૦ એપ્રિલથી ગુજરાત રાજ્યમાં આવેલી કોરોનાની સુનામી મંદ પડવાના સૌપ્રથમ સંકેત.

સનાતન ધર્મ પત્રિકા

હજ્જ લોકોના સંયમની કસોટી જરી, રાજ્યમાં ૮,૫૯૫ દર્દીએ કોરોનાને માત આપી સુરક્ષિત છે. હજ્જ ૧,૩૩,૧૯૧ એક્ટિવ કેસ. અત્યારે ૪૨૧ દર્દી વેન્ટિલેટર પર અને ૧,૩૨,૭૭૦ દર્દીની હાલત સ્થિર, રાજ્યમાં ૯૫.૬૫ લાખ લોકોનું વેક્સિનેશન પૂર્ણ કોરોના મહામારીની નાબુદીમાં સપાયોલ્ય ગુજરાત માટે ૨૮ દિવસ પછી રાહતના સમાચાર આવ્યા છે. ૩૦ માર્ચે ૨૨૨૦ કેસ નોંધાયા બાદ રાજ્યમાં કોરોનાના નવા કેસનો આંક રોજેરોજ ફ્રુકડેને ભૂલકે વધીને ગઈકાલે ૧૪૩૫૨ નવા કેસે પહોંચ્યો હતો. હવે આજે એટલે કે ૨૯ એપ્રિલે નવા કેસનો આંક ઘટીને ૧૪૧૨૦ થયો છે. આમ ગઈકાલની સરખામણીએ ગુજરાતમાં નવા પોઝિટિવ કેસનો આંક ૨૩૨ જેટલો ઘટ્યો છે. આ એક ઘણાકરણ શુભ સંકેત છે અને હજ્જ પણ કોરોનાની ચિરકતમાંથી નીકળવા ગુજરાતની પ્રજાએ તેની ચેઈન તોડવી જરૂરી છે. આજે ૮,૫૯૫ કોરોના દર્દી રિકવર થયા છે, જ્યારે ૧૭૪ દર્દીનાં મોત થયાં છે. આ સાથે જ રાજ્યનો કુલ કોરોના મૃત્યુઆંક ૮,૮૩૦ થયો છે. સતત પાંચ દિવસથી મોતનો આંકડો ૧૫૦થી વધુ આવી રહ્યો છે અને આજે રિકવરી રેટ ઘટીને ૭૪.૦૧ ટકા થયો છે. ઓક્સિજન અને દવાઓ તેમજ હોસ્પિટલ ની સુવિધાઓ નો ખ્યાલ વધ્યો છે. અન્ય NGO અને મોટા ઉદ્યોગકારો દ્વારા પણ આ મહામારી માટે સરકાર સાથે સુંદર આયોજન કરવામાં સરકાર સહળ અને પ્રજાના સુખાકારી જીવન માટે ચેઈન તોડવી અનિવાર્ય.

સુરત માં હજારા ખાતે લક્ષ્મી મિતલ ના સ્ટીલ પ્લાન્ટ માં ઓક્સિજન ઉપલબ્ધ હોય ત્યાં જ ૨૦૦ બેડ ની હોસ્પિટલ ના પ્રારંભ ટ્રેક્ર જ સમય માં ૧૦૦૦ બેડ ત્યાં તૈયાર કરવામાં આવશે....

શ્રીસમાજ ખો દક્ષિણ ફ્રાઈટ્સ ઝોન ના અગ્રણીઓ સાથે સંવાદ સેતુ, ઝૂબરૂ નહી તો ઓનલાઈન...

સંયોજક: વસંતભાઈ ગોરાણી - ઉડપી.



વીમનભાઈ નાનજીભાઈ દિમખાણી, દક્ષીણ ફ્રાઈટ્સ ઝોન પ્રમુખશ્રી



વસંતભાઈ કેશવલાલ ગોરાણી, દક્ષીણ ફ્રાઈટ્સ ઝોન મહામંત્રી..

તા. ૨૮-૦૪-૨૦૨૧ના આપણા કેન્દ્રીય સમાજના કર્ણધારો પ્રમુખશ્રી અજજીભાઈ કાનાણી તથા ઉપપ્રમુખશ્રી ગોપાલભાઈ ભાવાણી તથા મહામંત્રીશ્રી પુરૂષોત્તમભાઈ ભગત દ્વારા દક્ષિણ ફ્રાઈટ્સ ઝોનના હોદેદારો એવા પ્રમુખશ્રી વીમનભાઈ લીંબાણી તથા ઉપપ્રમુખશ્રી વિશ્રામભાઈ છાભૈયા તથા મહામંત્રીશ્રી વસંતભાઈ ગોરાણી સાથે હાલમાં ચાલી રહેલી કોરોના મહામારીમાં આ ઝોનના દરેક સભ્યોની શેમ્ફુશળતાના હાલહવાલ તથા સ્થાનિક પરિસ્થિતિ બાબતે તમામ સાથે ફોનમાં જોડાઈને હાલહવાલ લીધા હતા તથા કર્યપારોએ દરેક સમાજજનોને સાવચેતી જાળવવી જોઈએ અને "પહેલું સુખ તે જાતે નર્યું" તેથી આપણા શરીરની સાવચેતી આપણે જ રાખવી પડે, આવી ભલામણ કરેલ તથા કેન્દ્રીય સમાજની ગતિવિધિની જાહકારી આપી તેમાં ખાસ નખત્રાણા ખાતે કન્યા છાત્રાલયમાં તાલુકાકિય કાનૂની સારવાર માટે જે સંગવડ થઈ રહી છે તે જણીયી ચાલુ થઈ જશે. આપણી બધી તૈયારીઓ થઈ ગઈ છે. સરકાર તરફથી ઓક્સીજન ઉપલબ્ધ થાય તો રાહ જોવાઈ રહી છે. તેમાં સંગવડો માટે દ્વારાનાંખી જરૂર છે, કેન્દ્રીય સમાજે ટ્રોલ પણ નાખી છે તેમાં છાબૈયા પરિવાર તરફથી બે લાખ મળ્યા છે. અન્ય દ્વારાશ્રીઓ પણ નોંધ કરાવી શકે છે.

દક્ષિણ ફ્રાઈટ્સ ઝોનના જે ગેવર્ડર શર્કરમાં કોરોના સંક્રમણના પ્રભાવિત કેસ ખૂબજ છે, વધારે આપણા ભાઈઓ પણ હોમ કોરોન્ટાઈન થઈને હાલમાં શેમ્ફુશળ છે. હાલમાં ફ્રાઈટ્સ સરકાર દ્વારા ચીંદ દિવસ માટે આજથી જનતા કર્ફ્યુ જેવું લોકડાઉન કરવામાં આવ્યું છે.

આ બીમારીથી ડરવાના બદલે હિમત અને સાવચેતી રાખીએ તથા આપણાં સગા સંબંધીઓ અને સ્નેહીજનોને મદદરૂપ થવા પ્રયત્ન કરીએ. દક્ષિણ ફ્રાઈટ્સ ઝોનની દરેક ઘટક સમાજના સક્રિય કાર્યકર્તાઓના સંપર્કમાં છીએ, કોઈપણ જાતની જરૂરતમંદને મદદની જરૂર હોય તો સમાજના હોદેદારોને જાણ કરવી. દક્ષિણ ફ્રાઈટ્સ રીજીયનનું યુવાસંઘ પણ આ બાબતે સક્રિય છે.

માઁ ઉમિયા અને શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા આપણા વડીલોના આશીર્વાદથી દક્ષિણ ફ્રાઈટ્સ ઝોન તથા અન્ય ઝોનોમાં પણ સૌનું ભલું થાય એવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

॥ જય લક્ષ્મીનારાયણ ॥ ॥ જય શ્રી રામ ॥

ગાંધીધામ યુવા મંડળના વાવડ

કોરોનાના અવિરત વધી રહેલ પ્રભાવમાં ગાંધીધામ ખાતે આજે RT PCR Drive through Covid Testing Camp નું આયોજન ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ટીપીટી ગ્રાઉન્ડ ખાતે કરેલ. તેમાં શ્રી કેકેપી યુવા મંડળ ગાંધીધામ દ્વારા એક દિવસની સેવા દાન આપવામાં આવી જેમાં ૧૦૦ કરતા વધારે લોકો ટેસ્ટ માટે લાભ મેળવ્યો.

હિંમતભાઈ વેલાણી, સંદીપભાઈ ધોળું
પદુલભાઈ ઠકારી, દિલીરભાઈ છાભૈયા
રજતભાઈ હલધણી, દીપભાઈ પોકાર
દિલીપભાઈ સેંઘાણી

યુવા મંડળની ટીમના સભ્યો

રાજેશભાઈ રૂડાણી - પ્રમુખશ્રી
હરેશભાઈ ભગત - ઉપપ્રમુખશ્રી
નરેન્દ્રભાઈ ભાવાણી - મહામંત્રીશ્રી

દેશની પાંચ સૌથી અમીર વ્યક્તિ

88.7

નેટવર્થ (રકમ બિલિયન ડોલરમાં) | સોર્સ: ફોર્બ્સ

ટોપ-100 અમીરોની વેલ્થ એક વર્ષમાં 14% વધી	કોર્પોરેટ ટેક્સમાં ઘટાડો થતાં વેલ્થમાં વધારો થયો
25.2	20.4
15.4	12.8

મુકેશ અંબાણી | ગૌતમ અદાણી | શિવ નાદર | રાધાકિશન દામાણી | હિન્દુજા બ્રધર્સ

ફોર્બ્સ રિચ લિસ્ટ 2020: સિરમ ઇન્સ્ટિટ્યૂટના સાયરસ પૂનાવાલા પહેલી વાર ટોપ-10 અમીરોમાં સામેલ, મુકેશ અંબાણી સતત 13મા વર્ષે દેશની સૌથી ધનિક વ્યક્તિ

ચિંતનકણિકા : મૂલ્યોનું મૂલ્ય....(૧)

હવે થોડા દિવસ સુધી આપણે મૂલ્યચિંતન કરીશું...

આપણને...પ્રત્યેક પરિવારને...સમગ્ર સમાજને અને રાષ્ટ્રને તેજસ્વી, મૂલ્યનિષ્ઠ અને કાર્યદક્ષ માણસોની જરૂર હોય છે.

આમ તો માનવમાં માનવ હોય...માનવ હોવાની સમજ હોય અને તે પ્રમાણે જીવવાનું સાહસ હોય તો કદાચ મૂલ્યોની કે સદ્ગુણોની વાત કરવાની જરૂર જ ન રહે, કારણ કે 'માનવ' એ એક વિશાળ સંકલ્પના અને સંભાવનાનો શબ્દ જ છે. જેમાં બધાં મૂલ્યો સમાઈ જાય છે.

તેમ છતાં બહુ મોટું તત્ત્વ 'માનવ' કદાચ મનુષ્યના દ્રષ્ટિકોણમાં ન સમાઈ શકતું હોય એવું બને...અને તેથી થોડી નાની નાની વાતો વિચારતાં અને આચરતાં માણસ સહજપણે મોટો થઈ શકે છે.

મૂલ્ય-આધારિત જીવન જીવતો માનવી સમગ્ર માનવ-સમુદાયને ઉપયોગી થાય છે, એ સમાજની મૂડી બને છે, સમાજનો આદર્શ અને પથદર્શક બને છે.

(ક્રમશઃ)

નિરંજન અભિમન્યુ
શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ
SUV International School.

ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ સનાતન ધર્મ પત્રિકા.

તા. ૨૪/૪/૨૦૨૧ સોમવાર

સ્વ. ભવાનભાઈ લાલજીભાઈ નાકરાણી, ઉંમર : ૧૭ વર્ષ, કચ્છમાં ગામ : ધુડશી
હાલે : સાજોડ (ગુજરાત)
અવસાન નું કારણ : કોરોના સંક્રમણ

તા. ૨૭/૪/૨૦૨૧ મંગળવાર

સ્વ. ગોવિંદભાઈ દેવજીભાઈ પઢવાણી, ઉંમર : ૭૮ વર્ષ, કચ્છમાં ગામ :લક્ષમીપર
હાલે : સાજોડ
અવસાન કારણ : કોરોના સંક્રમણ

સ્વ. મઠીબેન ભવનભાઈ સાંખલા, ઉંમર : ૭૫ વર્ષ, કચ્છમાં ગામ : ધુડધર
હાલે : આખલીયાસણ

સ્વ. વિરજીભાઈ ખીમજીભાઈ માકાણી, ઉંમર : ૭૫ વર્ષ, કચ્છમાં ગામ : ધુડલી
હાલે : આખલીયાસણ

સ્વ. નાનબાઈ ખીમજીભાઈ ઠાકરાણી, ઉંમર : ૭૪ વર્ષ, કચ્છમાં ગામ : ધુડલી
હાલે : માંધીનગર

સ્વ. હીરાબેન વિશ્રામભાઈ લીંબાણી, ઉંમર : ૯૪ વર્ષ, કચ્છમાં ગામ : લિયોન
હાલે : રાજકોટ

તા. ૨૫/૪/૨૦૨૧ સોમવાર

સ્વ. જમનાબાઈ અમૃતભાઈ જીબુવાણી, ઉંમર : ૩૧ વર્ષ, કચ્છમાં ગામ : મમાવમોરા(માંડવી)(સ્થાનિક)

તા. ૨૮/૪/૨૦૨૧ બુધવાર

સ્વ. જીવરાજભાઈ વાલજીભાઈ જીબુવાણી, ઉંમર : ૭૧ વર્ષ, કચ્છમાં ગામ : ખીરસરા, તા. નખત્રાણા
હાલે : નંગાપુર રોડ, નાશિક (મહારાષ્ટ્ર)
અવસાન કારણ : ટુકી માંદગી બાદ

સ્વ. કમળાબેન પરસોતમભાઈ લીંબાણી, ઉંમર : ૫૦ વર્ષ, કચ્છમાં ગામ : લિયોન
હાલે : પાટણ

સ્વ. ગંગારામ મવજી પદમાણી, ઉંમર : ૯૦ વર્ષ, કચ્છમાં ગામ : વિશોણ
હાલે : કલકવલી (મહારાષ્ટ્ર)

સ્વ. મુળજીભાઈ કાનજીભાઈ જાદવાણી, ઉંમર : ૮૯ વર્ષ, કચ્છમાં ગામ : ધુડલી
હાલે : ગોજારીયા

સ્વ. હિરાલાલભાઈ નાનજીભાઈ પોકાર, ઉંમર : ૬૭ વર્ષ, કચ્છ માં ગામ : કુરબળે (ભુજ)
હાલે : કડીયાણા, હળવદ.

સ્વ. કરસનભાઈ મનજીભાઈ ખોજણી, ઉંમર : ૯૨ વર્ષ, કચ્છ માં ગામ : નખત્રાણા-નવાવાસ (સ્થાનિક)
અવસાન કારણ : કોરોના સંક્રમણ

પરમ કૃપાળુ પરમાત્મા સદગત ના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
શ્રીસમાજ, સનાતન ધર્મ પત્રિકા ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા બાવપુર્ણ શ્રદ્ધાંજલિ.....
ૐ શાંતિ... શાંતિ... શાંતિ... ૐ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ
ઔરંગાબાદ

આયોજિત

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, ઔરંગાબાદ

રક્તદાન જીવનદાન

રક્તદાન શિબિર

જય લક્ષ્મીનારાયણ મિત્રો,

આપ સૌ આ કોરોના મહામારી ના અત્યંત બીકટ સમય દરમ્યાન સૌ કુશળ મંગળ હસો .

આ મહામારીના ગંભીર સમય દરમ્યાન બ્લડ બેકોની અંદર બ્લડ ની ખૂબ અછત છે. હોસ્પિટલ માં રોજ ના રોજ વધતી બ્લડ ની માંગ ના સામે બેંક માં બ્લડ સ્ટોક માં નથી રહેતું. સાથે VACCINE લીધા પછી આપણે ૪૫ થી ૬૦ દિવસ સુધી બ્લડ આપી શકવાના નથી. તે માટે ઔરંગાબાદ તેમજ મહારાષ્ટ્ર સાથે સંપૂર્ણ ભારતમાં બ્લડ શોર્ટેજ આવવાની શકયતા છે ....

એટલે આપણે સમય થી પહેલા ચેતવાનું છે અને જાગરૂક નાગરિક તરીકે આપણા સમાજ તેમજ આપણા ગામ માટે બ્લડ ડોનેટ કરવાનું પુણ્ય કાર્ય કરવાનું છે.

આ સામાજીક જબાબદારી ને અનુલક્ષી દી. ૨૯/૦૪/૨૦૨૧ ના વાર ગુરુવાર ના સમય સવારના ૯ થી ૧ વાગ્યા સુધી પાટીદાર ભવન ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન શ્રી કડવા પાટીદાર યુવક મંડળ ઔરંગાબાદ દ્વારા કરવામાં આવેલ છે.

આપણા લોહીનું એક ટીપું, આધાર બીજાનું જીવન છે

સ્વૈચ્છિક રક્તદાન માટે અપીલ

કોરોના

ગંભીર સ્વરૂપ ધારણ કરી રહ્યો છે
ત્યારે માસ્ક-સેનેટાઈઝર-સોશિયલ ડીસ્ટન્સ અપનાવીએ
સાથોસાથ રસી (વેક્સીન) અવશ્ય મુકાવીએ.

પરંતુ શું આપ જાણો છો ?

કોરોનાની રસી લીધા બાદ ૫૫-૬૦ દિવસ સુધી
રક્તદાન કરી શકાતું નથી !
જેના પરિણામે આવનારા સમયમાં
બ્લડબેંકોમાં રક્તની અછત ઉભી થશે.
આવી વિકટ પરિસ્થિતીને પહોંચી વળવા

આપણે આટલું કરી શકીએ

કોરોનાની રસી લેતા પહેલાં

રક્તદાન





મહામંત્રી
રમીલાબેન રવાણી



પ્રમુખ
જશોદાબેન નાકરાણી

દેશલપર (વાંઢાય)નો પાટીદાર યુવાન પેરામિલિટ્રી ફોર્સમાં જોડાયો.

દેશલપર (વાંઢાય)નો પાટીદાર યુવાન પેરામિલિટરી ફોર્સ (SSB)માં પસંદ થતાં સ્થાનિક અને સમાજમાં ખુશી છવાઈ ગઈછે.

અનેક વર્ષો બાદ દેશલપર (વાંઢાય) ગામનો યુવાન લશ્કરમાં જોડાતાં અનેરો આનંદ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

અનેક વર્ષો પહેલાં અશોકકુમાર માવાણી નામનો યુવાન દેશલપર (વાંઢાય) ગામમાંથી પ્રથમ વખત આર્મી-ફોજમાં જોડાયો હતો.... પરંતુ અત્યારે તેઓ નિવૃત થઈ ગયા છે.

અને ત્યારબાદ મહેશકુમાર રામજીયાણી નામનો બીજો યુવાન આર્મી-ફોજમાં જોડાયો છે. ત્યારે.....

કચ્છ કડવા પાટીદાર સમાજ અને સમસ્ત રામજીયાણી પરિવાર તથા દેશલપર (વાંઢાય) ગામનું ગૌરવ વધારેલ છે.

મહેશકુમાર નરસિંહભાઈ રામજીયાણી નામનો જવાન નાનપણથી જ દેશભક્તિના વિચારોથી રંગાયેલો હતો. સ્કુલનાંની જઠ્ઠથી જ તેમણે રમતો-રમતો ઉકરેલા મહેશકુમારનું સ્વપ્ન મોટા થઈને ફોજી-જવાન બનવાનું હતું.

મહેશકુમારે ધોરણ ૧ થી ૧૦ સુધીનો અભ્યાસ સ્થાનિક દેશલપર (વાંઢાય) પ્રાથમિક શાળામાં અને માધ્યમિક શિક્ષણ ધોરણ ૧૨ સુધી ઓલ્ડ-હાઈસ્કુલ, જુજવા ઝરણા ફરેલ હતું.

મહેશકુમારે બારમું ધોરણ ઉત્તિર્ણ કર્યા પછી પાંચ વર્ષ સુધી મક્કમ મનોબળ અને અથાગ પરિશ્રમ થકી ફોજી-જવાન બનવાનું પોતાનું સ્વપ્ન સાકાર કર્યું છે.

કચ્છ કડવા પાટીદાર સમાજના આ યુવાનનો સંપૂર્ણ પરિવાર રાષ્ટ્રભક્તિના રંગમાં રંગાયેલો છે.

મધ્યમ પરિવારમાંથી આવતા મહેશકુમાર ના પિતા નરસિંહભાઈ રામજીયાણી એ કડિયાકામ (કંટ્રક્શનવર્ક) કરીને પરિવારનું ભરણ-પોષણ કર્યું છે. જ્યારે માતા સાવિત્રીબેન પોતાની નાદરસ્ત તબિયત અને અનેક તકલીફો વચ્ચે પણ શિવાજીના માતા જીજાબાઈની જેમ પોતાના પુત્રને ફોજી-જવાન બનાવવા પ્રેરણાજોત રહ્યાં છે.

પરિવારમાં માતા-પિતા ઉપરાંત નજા ભાઈ-બહેનો છે.

મહેશકુમારને બારમા ધોરણથી જ કચ્છની "જય હિન્દ" (યુવમેન્ટ) સંસ્થાના સ્થાપક અને પ્રમુખશ્રી ઓવાહેડ પ્રવિણભાઈ ડી. ધોળકિયા સાહેબના માર્ગદર્શન હેઠળ સંપૂર્ણ તાલીમ અને માહિતી મેળવીને આ સિદ્ધિ હાંસલ કરેલ છે.

અને ઉલ્લેખનીય છેકે શ્રી પ્રવિણભાઈ ધોળકિયાના માર્ગદર્શન હેઠળ એકસો આઠ (૧૦૮) યુવાનો ભારતીય લશ્કરી – અર્ધલશ્કરી દળોમાં જોડાયા છે.

મહેશકુમાર પણ તેમાંનો એક છે....

હાલમાં મહેશકુમાર રાજસ્થાનના અલવર મધ્યે સૈન્ય પ્રશિક્ષણ મેળવી રહ્યો છે.

ક્રમ	નામ	કંપની	નેટ વેલ્થ (બિલિયન ડોલર)
1	મુકેશ અંબાણી	રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ	88.7
2	ગૌતમ અદાણી	અદાણી પોર્ટસ એન્ડ સેઝ	25.2
3	શિવ નાડર	HCL ટેક્નોલોજી	20.4
4	રાધાકિશન દામાણી	એવન્યુ સુપરમાર્કેટ	15.4
5	હિન્દુજા બ્રધર્સ	અશોક લેલેન્ડ	12.8
6	સાયરસ પૂનાવાલા	સિરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા	11.55
7	પાલનજી મિસ્ત્રી	શાપૂરજી પાલનજી ગ્રુપ	11.4
8	ઉદય કોટક	કોટક મહિન્દ્રા બેંક	11.3
9	લોકેશ્વર કુમાર્સ	લોકેશ્વર ગ્રુપ	11
10	લક્ષ્મી મિત્તલ	આર્સેલર મિત્તલ	10.3

29 એપ્રિલ શું બંધ? | 29 એપ્રિલ શું ચાલુ?

SUV International School

ગુજરાતની શાળાઓ માટે 'ઉનાળુ વેકેશન'નો સમય જાહેર

તા.૩ મે થી ઉનાળુ વેકેશનનો પ્રારંભ થશે તા.૯ જૂન સુધી વેકેશન રહેશે

સાયરસ પૂનાવાલાની સંપત્તિમાં સૌથી વધુ વધારો થયો છે

કોવિડ-19 રસી બનાવવા માટે સંકળાયેલા સિરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાના CEO સાયરસ પૂનાવાલાની વેલ્થમાં સૌથી મોટો વધારો થયો છે. પૂનાવાલાની કુલ સંપત્તિ 11.5 અબજ ડોલર હોવાનો અંદાજ છે. આનાથી પૂનાવાલા છઠ્ઠા સ્થાને રહીને ટોપ-10માં પ્રવેશ કર્યો છે.

ટ્રાવલીની દ્રષ્ટિએ, બાયોકોન અગ્રણી કિરણ મજુમદાર શોની સંપત્તિમાં સૌથી વધુ વધારો થયો છે. 4.6 અબજ ડોલરની સંપત્તિ સાથે શો 27મા સ્થાને છે.

www.jeevansparsh.com

- Corporate Club Member - LIC OF INDIA
- TOT, COT & MDRT (USA) Qualifier Member Since 2002
- Life Member of MDRT (USA)
- "Area Chair for Central INDIA" of MDRT MCC Committee

BRIJESH PATEL
INSURANCE & INVESTMENT CONSULTANT

Insurance Planning | Wealth Management | Prudent Advice | Technology Enabled

All above, with best in class servicing

LIC | Qualifying & Life Member MDRT

JEEVAN SPARSH
E-73 Sector-I, Devendra Nagar, Raipur (C.G.), Tel. : 0771-2524774, 4044774
Mob. : 94252 04774, 95841 47000, E-mail: jeevansparsh@gmail.com.
सही सलाह हर बार